મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૩ ટકા
ગાંધીનગર તાપમાન

‘આંતરરાષ્ટ્રીય ફોરેન્સીક સાયન્સ એન્ડ સાયબર સિકયોરીટી’ કોન્ફરન્સ યોજાશે

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ખાતે યોજાનાર આ કોન્ફરન્સમાં દેશ વિદેશના ૫૦૦થી વધુ ડેલીગેટસ ભાગ લેશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી અને કેન્દ્ર સરકારના ગૃહ વિભાગના બ્યુરો પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના સંયુકત ઉપકમે તા. ૫ અને ૬ ઓકટોબર-૨૦૧૭ દરમિયાન ‘ઈન્ફોર્સકોન-૨૦૧૭’ અંતર્ગત ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ‘આંતરરાષ્ટ્રીય ફોરેન્સીક સાયન્સ એન્ડ સાયબર સિકયોરીટી’ કોન્ફરન્સ યોજાશે.

ગાંધીનગર ખાતે યોજાનાર આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો ઉદઘાટન સમારોહ તા.૫મી ઓકટોબરને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ કલાકે તેમજ સમાપન સમારોહ તા.૬ઠ્ઠી ઓકટોબરને શુકવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે યોજાશે. ઉદઘાટન સમારોહમાં ગુજરાત હાઈકોર્ટના જજ એમ.આર.શાહ, મુખ્ય સચિવ ડૉ.જે.એન.સિંઘ, ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ એમ.એસ.ડાગુર ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. બે દિવસ યોજાનાર આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ૫૦૦થી વધુ ડેલીગેટ્સ ભાગ લેશે. જેમાં કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્યોના ન્યાયાધીશો, સનદી અધિકારીઓ, સીનિયર પોલીસ અધિકારીઓ, બેન્કર્સ, એકેડેમીશયન, વીજીલન્સ ઓફિસર્સ, સીનીયર ફોરેન્સીક નિષ્ણાંતો, સાયબર એકસપર્ટ સહિતના નિષ્ણાંતો ભાગ લેશે. આ મહત્વની કોન્ફરન્સમાં ફોરેન્સીક સાયન્સ અને સાયબર સિક્યોરીટીને લગતા વિવિધ વિષયો ઉપર વિષય નિષ્ણાંતો વિચાર-વિમર્શ કરશે.

આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ એકેડેમીક સંશોધનો, વૈજ્ઞાનિકો, તજજ્ઞો દ્વારા સીકયુરીટી ક્ષેત્રે થયેલા પોતાના અનુભવો અને જ્ઞાનનું આદાનપ્રદાન કરાશે. ફોરેન્સીક સાયન્સની વિવિધ શાખાઓ, ગુન્હાહિત ન્યાય, ગુનાખોરી અને સિક્યોરીટી જેવા ક્ષેત્રો પર પરામર્શ કરશે. બન્ને દિવસ દરમિયાન નિષ્ણાંતો-તજજ્ઞો દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમ દ્વારા સવિસ્તૃત ચર્ચા-વિચારણા કરાશે.

@ગાંધીનગર

● દેવી પૂજક સમાજની બેઠક આંબેડકર હોલ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે શરદ ઉત્સવનું આયોજન સાંજે ૮ કલાકે કરવામાં આવ્યું છે. જેમાં ભજન-કિતન તથા રાસ ગરબા યોજાશે.

● મધુર ડેરી ખાતે મધુર શરદોત્સવ અને રાજધાની સહકાર પત્રિકા વિમોચન કાર્યક્રમ સાંજે ૬.૦૦ કલાકે યોજાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા શરદોત્સવ સ્પર્ધાત્મક રાસ ગરબા કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે જલારામ મંદિર ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સે-૨ ૨ ખાતે યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ખાતે શરદ પૂર્ણિમાના અવસરે ભવ્ય રાસોત્સવનું આયોજન રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન કરાશે. જેમાં મહંત સ્વામીશ્રી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજે રાસોત્સવનો લાભ લેવા ભકતોને જણાવેલ છે.

આજે એબીવીપી દ્વારા કોલેજીયન યુથ ગરબા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શરદપૂર્ણિમાની રાત્રિએ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. એબીવીપી દ્વારા આયોજિત ‘રમઝટ’ કોલેજિયન યુથ ગરબા મહોત્સવ ૨૦૧૭ તા. ૫મી ઓકટોબરે સાંજે ૬ કલાકથી ૧૧.૩૦ કલાક સુધી ઘ-૫ સર્કલ પાસેના ઓપન થીયેટર ખાતે યોજાશે. આ રાસ ગરબા મહોત્સવમાં શહેરની લગભગ તમામ કોલેજના યુવા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લેશે.

ઈજનેરી કોલેજના અધ્યાપકોના દેખાવો

સહાયક પ્રાધ્યાપકોએ ડિજિટલ સત્યાગ્રહ દ્વારા સોશિયલ મિડિયા પર પ્રહારો અને પોસ્ટકાર્ડ પે ચર્ચાની પ્રવૃતિ દ્વારા વિરોધની નવી પધ્ધતિ અપનાવાઈ

ગાંધીનગર, તા.૪

રાજયની ટેકનિકલ શિક્ષણ વિભાગ અંતર્ગત ૩૦ સરકારી પોલીટેકનીકો અને ૧૭ ઈજનેરી કોલેજોના કરાર આધારીત લેકચરરો દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન અને પ્રતિક ઉપવાસ યોજીને જિલ્લા કલેકટર તેમજ શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી પોતાના પડતર પ્રશ્નોની રજુઆત કરી હતી. આ પ્રતિક ઉપવાસ તેમજ ધરણામાં રાજયભરની ટેકનીકલ કોલેજમાંથી અંદાજીત ૫૦૦ થી વધુ વ્યાખ્યાતાઓ જોડાયા હતા.

આ વ્યાખ્યાતાઓની મુખ્ય માંગણીઓમાં તેઓના અનુભવને ધ્યાને લઈ કાયમી કરવા નીતી બનાવી, સમાન કામ સમાન વેતન ની નિતીનો અમલ કરવામાં આવે, અન્ય રાજયોમાં કરાર આધારીત કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા છે. તો ટેકનીકલ શિક્ષણના વ્યાખ્યાતાઓ માટે પણ આ નિતી અપનાવી કામયી કરવા તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે ટેકનીકલ શિક્ષણના વ્યાખ્યાતાઓએ સત્યાગ્રહનો ડિજીટલ પ્રયોગ હાથ ધર્યો હતો. જેમાં મુખ્યમંત્રી અને ડે. મુખ્યમંત્રી સહિતના આગેવાનોના ફેસબુક,ટવીટર પર આશરે હજજારો પોસ્ટનો હલ્લો કરી ક્ષોભજનક

સ્થિતિમાં મુકવામાં આવ્યા હતા. તો બીજી બાજુ પોસ્ટકાર્ડ પે ચર્ચા અભિયાન દ્વારા ૫૦૦૦ પોસ્ટકાર્ડ લખી વ્યાખ્યાતાઓએ પોતાના પડતર પ્રશ્નો તંત્ર સમક્ષ પહોંચાડવા સફળ પ્રયત્નો કર્યો હતો. જયારે પોતાના પડતર પ્રશ્નોનો સત્વરે નિકાલ થાય તે માટે પ્રબળ માંગ ઉમેદવારોએ કરી હતી.

મેવાનો ૮મીએ ઈનામ વિતરણ સમારોહ

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) દ્વારા ૧૫મો ઈનામ વિતરણ સમારોહ તા. ૮મી ઓકટોબરના રોજ બપોરે અઢી વાગે બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ ગાંધીનગર ખાતે યોજાશે.

સમારોહના પ્રમુખપદે જનાબ નિસાર અહેમદ બી. શેખ-અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગાંધીનગર, મુખ્ય મહેમાન પદે શ્રીમતી હરિનક્ષી શર્મા-આસીસ્ટન્ટ જનરલ મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, જનાબ રફીકભાઈ કોઠારીયા-પ્રિન્સિપાલ-રીપબ્લિક હાઈસ્કૂલ-અમદાવાદ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં શ્રીમતી હરિનક્ષી શર્મા શૈક્ષણિક લોન તથા અભ્યાસ અર્થે પરદેશ જવા માટે લોન મેળવવા બાબતમાં ઉપયોગી માર્ગદર્શન આપશે તેમ પ્રમુખ ઈનાયતઅલી સૈયદે જણાવ્યું છે.

ગાંધીનગર શહેર મોચી સમાજની પરિચય પુસ્તિકા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ગાંધીનગરમાં વસતા સમસ્ત મોચી સમાજની પરિચય પુસ્તિકા (કોઈ પણ ગોળના બાધ વિના) તૈયાર કરવામાં આવી રહેલ છે તો પરિવારના સભ્યોની સંપૂર્ણ વિગત નિયત ફોર્મમાં ભરીને ભગવાનભાઈ ગોહેલ સે-૨૫ મો. ૯૯૭૮૪૪૨૦૪૪, હસમુખભાઈ વાઘેલા સે-૩-ડી મો. ૯૪૨૬૩૯૮૮૧૮, શૈલેષભાઈ યાદવ સે-૪-ડી મો. ૯૮૯૮૦૨૮૧૫૬, મહેન્દ્રભાઈ રાઠોડ સે-૨-બી, મો. ૯૮૯૮૦૬૭૮૧૩ને પહોંચાડવા જણાવાયું છે.

સચિવાલય ગેટ નં. ૧ બહારથી ૨૫ દલિત યુવાનોની અટકાયત

ગાંધીનગર, તા.૪

દલિતો પર થઈ રહેલા અત્યાચારો સામે તંત્રની નિષ્ક્રીયતાને પગલે દલિતોના નેતા જીગ્નેશ મેવાણીએ બાંયો ચઢાવી છે અને તાજેતરમાં કલોલના લીંબોદરા ખાતે ત્રીજી વાર દલીત યુવાન પર થયેલા હુમલાના કારણે હોમ મિનિસ્ટરનું રાજીનામું માંગવા પહોંચવાની જીગ્નેશ મેવાણીએ જાહેરાત કરી હતી. જે અનુસંધાને જીગ્નેશ મેવાણી ગાંધીનગર પહોંચે તે પહેલા અમદાવાદથી જ તેની અટકાયત પોલિસે કરી લીધી હતી. જો કે જીગ્નેશ મેવાણીના સમર્થકોનું ટોળુ સચિવાલય ગેટ નં. ૧ પાસે પહોંચી ગયું હતું. વિરોધ પ્રદર્શન અને સુત્રોચ્ચાર શરુ કર્યા ત્યાં પોલિસે ૨૫ જેટલા દલિત યુવાનોની અટકાયત કરી લીધી હતી.

જયોતિ મહિલા મંડળની બેઠા ગરબા-ગરબા શણગાર સ્પર્ધાના વિજેતાઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૪

જયોતિ મહિલા મંડળ આયોજિત બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધામાં ૫૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચના પ્રાસંગિક ઉદબોધન બાદ બ્રહ્માકુમારીઝ કેન્દ્રના પૂ. કૈલાશદીદીએ આશીર્વચન પાઠવ્યા હતા. આ સાથે કાર્યક્રમમાં દલપતભાઈ પઢિયાર, અરવિંદ કેન્દ્રના સંચાલક ડૉ. તન્ના તથા શાંતાબેન કોઠારીના હસ્તે વિજેતાઓને ઈનામો વડે સન્માનવામાં આવ્યા હતા.

બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે કલ્ચરલ સ્કેવેર-સે-૩-સી, દ્વિતિય ક્રમે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ અને ફોર્મ ગ્રૂપ, તૃતીય ક્રમે સહિયર ગ્રૂપ, ચતુર્થ ક્રમે સ્વામિનારાયણ મંડળને વિજેતા જાહેર કરાયા હતા. ગરબા શણગાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે નર્મદાબેન પટેલ, દ્વિતિય ક્રમે મનિષાબેન ત્રિવેદી અને તૃતીય ક્રમે ભારતીબેન પોપટ વિજેતા બન્યા હતા.

આ પ્રસંગે શેરી ગરબા સ્પર્ધા જે વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. જેના વિજેતાઓને ડૉ. પ્રવિણ ઓઝા અને મીનળબેન ઓઝાના હસ્તે સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નવદુર્ગા સ્વરૂપ અને બટુક પૂજન જેવા વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં સુધીરભાઈ દેસાઈ, જયોત્સનાબેન બુચ તથા મમતાબેન રાવલે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમની સફળતા માટે પૂર્વ પ્રમુખ લતાબેન ચોકસી, નીરૂબેન નાયક, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામિત અને સંગીતા પંડયાએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કિન્નરી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

વાતવાતમાં

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક મહિલાના હાથમાંથી મોબાઈલ ઝુંટવી ભાગવાનો પ્રયાસ કરતો શખ્સ ઝડપાયો હતો. આ શખ્સને તુરંત પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

● શરદપૂર્ણિમાની રાત્રિએ શહેરમાં ઠેર ઠેર રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના લગભગ તમામ શેરી ગરબામાં શરદપૂનમના રાસ ગરબા યોજવામાં આવે છે તથા દૂધ પૌંઆના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે.

● અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગાંધીનગર એકમ દ્વારા ઘ-૫ સર્કલે ઓપન થીયેટર ખાતે વિદ્યાર્થીઓ માટે આયોજિત રાસ ગરબામાં ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલી ઉપસ્થિત રહે તેવી શકયતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે એબીવીપીની સ્થાપનામાં રાજયપાલ ઓ.પી. કોહલીની નોંધપાત્ર ભૂમિકા રહી હતી.

આઈ લવ માય ગાંધીનગર

શિવશંકર દવે

ગાંધીનગર ગમે

ગાંધીનગર દિન પ્રતિદિન હરણફાળ ભરીને ખૂબ જ વિકાસ કરી રહ્યું છે, જેનો ડંકો સમગ્ર ભારત દેશમાં ઉદાહરણરૂપ થઈ પડશે. અહીંની હરિયાળી તથા પહોળા રસ્તા એ તેની વિશેષતા છે.

નગરજનો

અહીંના નાગરિકો ટ્રાફિક પાલન અને સ્વચ્છતાની બાબતમાં નબળા છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કડી સર્વ વિશ્વવિદ્યાલય, એઆઈઆઈસીટી, ગુરુકુળ, આઈઆઈટી જેવી શૈક્ષણિક સંસ્થાઓ અને નગરની સઘળી સેવા સંસ્થાઓની કામગીરી મને ગમે છે.

નગરને બહેતર બનાવવા

રોજગારીના ઉપક્રમ બાબતે ભાર મૂકવામાં આવે તો નગર હજુ બહેતર બની શકે તેમ છે.

નગર માટે હું કરી શકું

સાહિત્ય, રોજગારને લગતી બાબતો માટે મારી સહાય શહેરને આપવા હું તત્પર છું.

ચિલોડા પોલિસ મને દબાણ કરે છે કે મારામારીની ફરિયાદ પાછી ખેંચી લે...!

માધવગઢમાં રૂપિયાની લેતીદેતીમાં થયેલા હિંસક હુમલામાં ભોગ બનનાર યુવાનનો આક્ષેપ

ગાંધીનગર, તા.૪

એક સપ્તાહ પહેલા ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલા માધવગઢ ગામમાં રૂપિયાની લેતીદેતીમાં એક પરિવાર ઉપર હિંસક હુમલો થયો હતો. આ મામલે ચિલોડા પોલિસ મથકમાં ગુનો દાખલ થયો હતો. આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાના બદલે ચિલોડા પોલિસ કોઈ કારણોસર તેમને છાવરવા માટે ફરિયાદીને ફરિયાદ પાછી ખેંચી લેવા દબાણ કરતી હોવાનો આક્ષેપ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગતો મુજબ અઠવાડિયા પહેલા લાકડાના રૂપિયાની માંગણી કરતા યુવાન સાથે ગાળાગાળી કરી માધવગઢ ગામના જ ટ્રેકટર ચાલક યુવાન શૈલેષ ઓડે ટ્રેકટરમાંથી સેવાળ કાઢી યુવાનને માર્યો હતો યુવાનના પરિવારજનો તેને બચાવવા આવ્યા તો શૈલેષ અને તેના પરિવારના સભ્યો રમેશ ઓડ, નવઘણ ઓડ અને પ્રવિણ ઓડ દોડી આવ્યા હતા અને ચારેયે મળીને રૂપિયા માંગનાર અમરત રાવળ સહિત તેના પરિવારના સભ્યો પર હિંસક હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. આ ચકચારી ઘટનામાં નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરવાને બદલે ચિલોડા પોલિસ ફરિયાદી બનેલા ગોવિંદ રાવળ ઉપર દબાણ કરી રહી છે. મારામારીની કરેલી ફરિયાદ પાછી ખેંચી લેવા માટે ચિલોડા પોલિસ ગોવિંદ રાવળ ઉપર દબાણ કરતી હોવાનો આક્ષેપ ગોવિંદ રાવળે કરતા પોલિસની કામગીરી ઉપર શંકા-કુશંકા સેવાઈ રહી છે.

સ્ટેટ બેંકનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૪

ગાંધી જયંતિના દિવસે ભારતીય સ્ટેટ બેંક દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ટેટ બેંકના ચીફ જનરલ મેનેજર સંજીવ નૌટિયાલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્વચ્છતાનો જીવન સંદેશ પાઠવ્યો હતો તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગળ ધપાવી રહ્યા છે જે આપણે અપનાવવો જોઈએ તેવી શીખ આપી હતી.

સિવિલ હોસ્પિટલ સ્ટાફના સહયોગથી એસબીઆઈના કર્મચારીઓએ વિવિધ ટુકડીઓ બનાવી હોસ્પિટલના પ્રાંગણમાં, રસ્તાઓ તથા વોર્ડની સફાઈ કામગીરી હાથ ધરી હતી. ‘સ્વચ્છતા એજ

સેવા’ને સાર્થક કરવાના ભાગરૂપે આયોજિત આ અભિયાનમાં બેંકના ચીફ જનરલ મેનેજર ઉપરાંત જનરલ મેનેજર્સ, ડેપ્યુટી જનરલ મેનેજર્સ, સીઈઓ, કર્મચારી સંગઠનના હોદ્દેદારો, હોસ્પિટલના ડોકટર્સ, બેંક કર્મચારીઓ મળીને આશરે ૨૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા તથા ૪૦ જેટલી કચરાપેટીઓ હોસ્પિટલ સંકુલમાં મુકવામાં આવી હતી.

સિસિકા દ્વારા ૯મીએ શરદપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા.૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા શરદપૂર્ણિમાનો ઉત્સવ તા. ૯મી ઓકટોબરના રોજ રાત્રે આઠ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સેકટર-૭માં યોજાશે.

શરદોત્સવના પાસ ખજાનચી હરજીવનભાઈ પંચાલ (૨૩૨૨૬૮૮, મો. ૯૮૨૪૬૧૩૬૩૦) પાસેથી રૂ. ૫૦ આપીને શનિવાર સુધીમાં મેળવી લેવા જણાવાયું છે.

આજે જેઠાલાલ અને ટપુડો શરદરાત્રિમાં ધૂમ મચાવશે

સ્માર્ટ પ્લસ ફિલ્મસ એન્ડ ઈવેન્ટસ દ્વારા સતત બીજા વર્ષે શરદપૂર્ણિમાના રાસ-ગરબાનું આયોજન ૨ હજાર દિવડા વડે મહાઆરતી કરાશે : રૂ. ૨ લાખના ઈનામોથી વિજેતાઓને પ્રોત્સાહિત કરાશે

ગાંધીનગર, તા.૪

‘આસો માસો શરદપૂનમની રાત જો,

ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં...’

ગાંધીનગરમાં સ્માર્ટ પ્લસ ફિલ્મ્સ એન્ડ ઈવેન્ટ દ્વારા સતત બીજા વર્ષે શરદપૂર્ણિમાના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૫મી ઓકટોબર બુધવારે સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન શાહપુર વિસ્તારમાં ગીફટ સીટી રોડ પરના ધ્રુવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે આયોજિત ‘શરદરાત્રિ-૨૦૧૭’ જેમાં ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ ફેઈમ જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને ‘ટપુડો’ ઉર્ફે ભવ્ય ગાંધી હાજરી આપશે. કાર્યક્રમમાં જાણીતા કલાકારો અભિતા પટેલ તથા અસલમ અને અસલમ જોડીના તાલે ખેલૈયાઓ

રાસ ગરબાની ધુમ મચાવશે.

‘શરદ રાત્રિ-૨૦૧૭’નું ઉદઘાટન ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી

શંકરસિંહ વાઘેલા, ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, કૃષ્ણકાંત જહા તથા શિવગન ઈન્ફાટેકન ગનપત મંડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ઈડરના નિષ્કલંક સેવા આશ્રમના જયેન્દ્રપુરી મહારાજ આર્શીવચન પાઠવશે. ‘શરદરાત્રિ-૨૦૧૭’માં વિજેતા ખેલૈયાઓને રૂ. ૨ લાખ સુધીના ઈનામો વડે પ્રોત્સાહિત કરાશે. કાર્યક્રમ દરમિયાન ૨ હજાર દિવડા વડે માતાજીની મહાઆરતી પણ કરવામાં આવશે. સ્માર્ટ પ્લસ ઈવેન્ટના દિપકભાઈ વ્યાસ, વિક્રમભાઈ પટેલ તથા હરેશભાઈ પારેખે કાર્યક્રમની સફળતા માટે આશાવાદ વ્યકત કર્યો હતો.

ચિરવિદાય

- સ્વ. યાદવ કમલેશ આશારામ, ઉ.વ. ૫૦
- સ્વ. ચૌહાણ કાન્તીલાલ રામદાસ, ઉ.વ. ૮૯
- સ્વ. બળવંતજી દાજીજી પરમાર, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ કાન્તાબેન મણીલાલ, ઉ.વ. ૮૮
- સ્વ. લીલાબેન કાળીદાસ નાયી, ઉ.વ. ૭૦